# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૨૭.૦૩.૨૦૧૯

-----------

**‘મીશન શક્તિ’ ની ઐતિહાસિક અપ્રતિમ સફળતા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની ભાજપા એનડીએ સરકારને લાખ લાખ અભિનંદન પાઠવતા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર અને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**રશીયા, અમેરિકા તથા ચીન પછી આવી નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં એક સશક્ત અને યશસ્વી રાષ્ટ્રના નિર્માણ દ્વારા ભારત વિશ્વગુરુ પદે પ્રસ્થાપિત થવાના માર્ગે ખૂબ ઝડપી પ્રગતિ કરી રહેલ છે અને આવનારા ભવિષ્યના આ મંગળમંય એંધાણ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર અને પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ તેમના સંયુક્ત નિવેદનમાં આજે ભારતના ડીઆરડીઓ સંસ્થાના વૈજ્ઞાનિકો દ્વારા પૃથ્વિની ભ્રમણકક્ષામાં ૩૦૦ કિલોમીટર સ્થિત લૉ અર્થ ઓર્બિટ સેટેલાઇટને, એન્ટી સેટેલાઇટ વેપન એ-સેટ દ્વારા તોડી પાડવામાં જે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી, તે બદલ દેશના વૈજ્ઞાનિકોને લાખ લાખ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સશક્ત અને દૂરંદેશી નેતૃત્વમાં ભારત દેશ ઉપરોક્ત સિધ્ધિ હાંસલ કરનાર રશીયા, અમેરિકા અને ચીન પછી વિશ્વનો ચોથો દેશ બન્યો છે અને આગામી સમયમાં સુરક્ષિત અને શક્તિશાળી ભારતનું નેતૃત્વ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા સબળ વ્યક્તિત્વના હાથમાં છે તે ભારતનું સદ્‌ભાગ્ય છે તેમ શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં એક સશક્ત અને યશસ્વી રાષ્ટ્રના નિર્માણ દ્વારા ભારત વિશ્વગુરુ પદે પ્રસ્થાપિત થવાના માર્ગે ખૂબ ઝડપી પ્રગતિ કરી રહેલ છે અને આવનારા ભવિષ્યના આ મંગળમંય એંધાણ છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૭.૦૩.૨૦૧૯

-----------

**રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ આગામી તારીખ ૩૦ માર્ચના રોજ હજારો કાર્યકર્તાઓની હાજરીમાં વાજતે-ગાજતે ઉત્સાહજનક વાતાવરણમાં જ્વલંત વિજયના સંકલ્પ સાથે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે નામાંકન દાખલ કરશે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**શ્રી અમિતભાઇ શાહ તેમના નારણપૂરા ખાતે આવેલ જૂના નિવાસસ્થાન પાસેની શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને ફુલહાર કરી ૪ કિલોમીટરનો ભવ્ય રોડ-શો – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનું નામ ગાંધીનગર લોકસભા બેઠક પર જાહેર થતાની સાથે જ કોંગ્રેસની તમામ વ્યવસ્થાઓ ખોરવાઇ ગઇ છે ત્યારે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનું કમળ ખીલશે તે નિશ્ચિત છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે ઇલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, એક બૂથના કાર્યકરથી શરૂઆત કરીને રાષ્ટ્રીય અધ્યક્ષ સુધી પહોંચી પૂર્વોત્તર રાજ્યોથી લઇ સમગ્ર દેશમાં ભાજપાની રાષ્ટ્રવાદી વિચારધારાને વ્યાપક રીતે પ્રસ્થાપિત કરનાર ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ આગામી તારીખ ૩૦ માર્ચ, ૨૦૧૯ના રોજ ગાંધીનગર લોકસભા બેઠક પર નામાંકન પત્ર ભરશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, શ્રી અમિતભાઇ શાહ નામાંકન ભરતા હોય તે ઐતિહાસિક ક્ષણને વધાવવા હજારો કાર્યકર્તાઓ, ધર્મગુરુઓ અને સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોની ઉપસ્થિતિમાં સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં મેગા રોડ-શો યોજવામાં આવશે.

શ્રી અમિતભાઇ શાહ તેમના નારણપૂરા ખાતે આવેલ જૂના નિવાસસ્થાન પાસેની શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને ફુલહાર કરી આ મેગા રોડ-શોની શરૂઆત કરશે. ત્યાંથી આગળ વધતાં પલ્લવ ચાર રસ્તા - શાસ્ત્રીનગર - પ્રભાત ચોક થઇ પાટીદાર ચોક સુધી આશરે ૪ કિલોમીટર લાંબો રોડ શો યોજાશે. આ રોડ-શોના સમાપન બાદ શ્રી અમિતભાઇ શાહ ગાંધીનગર મુકામે પહોંચશે, જ્યાં સેક્ટર-૬/૭ના બસસ્ટેન્ડ થી પથિકાશ્રમ સુધી ભાજપાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી માનવ સાંકળનું નિર્માણ કરી શ્રી અમિતભાઇ શાહને વધાવશે. આવા ઉત્સાહજનક વાતાવરણમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ જ્વલંત વિજયના સંકલ્પ સાથે કલેક્ટર કચેરી ખાતે નામાંકન દાખલ કરશે.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનું નામ ગાંધીનગર લોકસભા બેઠક પર જાહેર થતાની સાથે જ કોંગ્રેસની તમામ વ્યવસ્થાઓ ખોરવાઇ ગઇ છે ત્યારે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાનું કમળ ખીલશે તે નિશ્ચિત છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૨૭.૦૩.૨૦૧૯

-----------

**આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ મીડિયા વિભાગની એક અગત્યની બેઠક મળી હતી**

-----------

**આતંકવાદ, ભ્રષ્ટાચાર, રોજગાર, રાફેલ, સર્જીકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇક સહિતના અનેક મુદ્દે કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવી રહેલા જુઠાણાઓનો જડબાતોડ જવાબ આપવાની મીડિયા ટીમની સવિશેષ જવાબદારી છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**કોંગ્રેસે પોતાના રાજનેતાના સગા-સંબંધીઓને બચાવવા માટે કેટલા આતંકવાદીઓને છોડી મૂક્યા ? કોંગ્રેસના નેતા મુફ્તી મોહમ્મદ સૈયદની દીકરી રુબીને છોડાવવા માટે કોંગ્રેસે તે સમયે ૧૧ આતંકવાદીઓની છોડી મૂક્યા હતા. ગુલાબનબી આઝાદના સાળાની મુક્તિ માટે કોંગ્રેસે જે તે સમયે ૨૧ આતંકવાદીઓને મુક્ત કર્યા હતા. કોંગ્રેસના નેતા સૈફુદ્દીન સોઝની દીકરીને આતંકવાદીઓ પાસેથી મુક્ત કરાવવા માટે કોંગ્રેસે નવ આતંકવાદીઓને છોડી મૂક્યા હતા - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

**હઝરતબાલની દરગાહમાં ઘેરાયેલા આતંકવાદીઓને બીરિયાની ખવડાવીને કાશ્મીરની બોર્ડર ઉપર મૂકવા જનાર બીજા કોઈ નહીં પરંતુ આ કોંગ્રેસી નેતાઓ જ હતા. બાટલા હાઉસમાં આતંકવાદીઓની કોણે ફેવર કરી હતી ? આતંકવાદીઓ માટે કોની આંખમાં આંસુ આવ્યા હતા ? કોંગ્રેસનું આ પાપ સમગ્ર દેશ અને દુનિયા ખૂબ સારી રીતે જાણે છે - શ્રી વિજયભાઈ રૂપાણી**

-----------

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે આજરોજ પ્રદેશ મીડિયા વિભાગની એક અગત્યની બેઠકમાં ખાસ ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યભરમાંથી આવેલા ભાજપાના મીડિયા વિભાગના કાર્યકર્તાઓ તથા ડીબેટ ટીમને માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસ પાસે કોઇ નેતા નથી કે નીતિ નથી. કોંગ્રેસ પાસે માત્ર એક જ હથિયાર છે અને તે છે જુઠ્ઠાણા. આથી જ કોંગ્રેસના જૂઠાણાંનો પર્દાફાશ કરવાની ભાજપા મિડીયા ટીમની સવિશેષ જવાબદારી છે. આતંકવાદ, ભ્રષ્ટાચાર, રોજગાર, રાફેલ, સર્જીકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇક સહિતના અનેક મુદ્દે કોંગ્રેસ દ્વારા જુઠાણા ફેલાવવામાં આવી રહ્યા છે. ત્યારે આપણે સૌએ ભાજપાની સરકારો દ્વારા કરવામાં આવેલા જનકલ્યાણ કાર્યો તથા વિકાસલક્ષી યોજનાઓની સાચી માહિતી લોકો સુધી પહોંચાડી કોંગ્રેસના જુઠ્ઠાણાને જડબાતોડ જવાબ આપવો જોઇએ.

શ્રી વિજયભાઇ રૂપાણીએ આતંકવાદીઓને છોડી મૂકવાના કંધાર મુદ્દે કોંગ્રેસના જૂઠાણાનો પર્દાફાશ કરતાં જણાવ્યું હતુ કે, તે સમયે વિમાનમાં બેઠેલા આશરે સવા બસ્સોથી વધુ નિર્દોષ લોકોના જીવ બચાવવા માટે સરકારે યોગ્ય પગલું ભર્યું હતું અને તે સમયે દેશની તમામ રાજકીય પાર્ટીઓને સાથે રાખીને સર્વાનુમતે આ નિર્ણય કરવામાં આવ્યો હતો. પરંતુ આજે કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી કંધાર બાબતે દેશની જનતાને ગુમરાહ કરી

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




રહયા છે. આતંકવાદ બાબતે જૂઠાણા ફેલાવનારા કોંગ્રેસના યુવરાજ સૌ પ્રથમ તો એ વાતનો જવાબ આપે કે, કોંગ્રેસે પોતાના રાજનેતાના સગા-સંબંધીઓને બચાવવા માટે કેટલા આતંકવાદીઓને છોડી મૂક્યા ? કોંગ્રેસના નેતા મુફ્તી મોહમ્મદ સૈયદની દીકરી રુબીને છોડાવવા માટે કોંગ્રેસે તે સમયે ૧૧ આતંકવાદીઓની છોડી મૂક્યા હતા. ગુલાબનબી આઝાદના સાળાની મુક્તિ માટે કોંગ્રેસે જે તે સમયે ૨૧ આતંકવાદીઓને મુક્ત કર્યા હતા. કોંગ્રેસના નેતા સૈફુદ્દીન સોઝની દીકરીને આતંકવાદીઓ પાસેથી મુક્ત કરાવવા માટે કોંગ્રેસે નવ આતંકવાદીઓને છોડી મૂક્યા હતા. હઝરતબાલની દરગાહમાં ઘેરાયેલા આતંકવાદીઓને બીરિયાની ખવડાવીને કાશ્મીરની બોર્ડર ઉપર મૂકવા જનાર બીજા કોઈ નહીં પરંતુ આ કોંગ્રેસી નેતાઓ જ હતા. બાટલા હાઉસમાં આતંકવાદીઓની કોણે ફેવર કરી હતી ? આતંકવાદીઓ માટે કોની આંખમાં આંસુ આવ્યા હતા ? કૉંગ્રેસનું આ પાપ સમગ્ર દેશ અને દુનિયા ખૂબ સારી રીતે જાણે છે. કોંગ્રેસના જુઠાણા અને તેની સામેની સત્ય હકીકત બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અનેક દાખલા આપીને કૉંગ્રેસની નીતિરીતિથી ઉપસ્થિત મીડિયાના કાર્યકર્તાઓને વાકેફ કર્યા હતા અને સત્ય હકીકત જનતા સુધી લઈ જવા માટેની અપીલ કરી હતી.

આ બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી ગુજરાતના પ્રભારી શ્રી ઓમજી માથુર પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજા, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયા મીડિયા વર્કશોપમાં ખાસ ઉપસ્થિત રહીને મીડિયા ટીમને માર્ગદર્શન આપ્યું હતું.

નવનિયુક્ત પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી પ્રશાંત વાળાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને ઝોન કન્વીનરશ્રી ડૉ. હેમંતભાઇ ભટ્ટે આભારવીધી કરી હતી, શ્રી જયેશભાઇ વ્યાસે કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૨૭.૦૩.૨૦૧૯

-----------

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ મીડિયા વિભાગની એક અગત્યની બેઠક મળી હતી

-----------

જુઠાણાં ચલાવવા માટે કોંગ્રેસે સ્પેશિયલ એજન્સીઝ હાયર કરી છે, પરંતુ આપણે સૌ એના જૂઠાણાં તરફ ધ્યાન આપવાના બદલે આપણે આપણા કાર્ય પર ધ્યાન આપવું જોઈએ – શ્રી ઓમજી માથુર

-----------

રાષ્ટ્રની એકતા અને અખંડતાને તોડવા મથતા વિભાજનકારી તત્વોને સાથ આપનાર કોંગ્રેસને પ્રજા આ લોકસભાની ચૂંટણીમાં વધુ એકવાર તેનું સ્થાન બતાવશે – શ્રી ઓમજી માથુર

-----------

ગુજરાત લોકસભાની તમામ ૨૬ બેઠક ભાજપા જીતવાની છે તેમાં કોઇ શંકાને સ્થાન નથી.
"સૌનો સાથ સૌનો વિકાસ" તે સુત્ર સાથે સમાજના દરેક વર્ગને અને સમાજ માટે આપણે સર્વસ્પર્શી કાર્યો કર્યા છે જ્યારે કોંગ્રેસે માત્ર સમાજને તોડવાનું પાપ કર્યુ છે - પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

-----------

મીડિયા અને સોશીયલ મીડિયાના યુગમાં કોઈપણ ઘટનાની સત્યતા જાણી તેને લોકો સુધી પહોચાડવી એ ભાજપા મીડિયા ટીમની વિશેષ જવાબદારી બની રહે છે - પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

-----------

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ ઉપસ્થિત મીડિયાના કાર્યકર્તાઓને સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યુ હતુ

-----------

મીડિયાની કામગીરી બાબતે પ્રદેશ ઉપાધ્યક્ષ આઇ.કે.જાડેજા તથા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ માર્ગદર્શન આપ્યુ હતુ

-----------

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પ્રદેશ મીડિયા વિભાગની એક અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રીશ્રી કે સી પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે.જાડેજા, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઈ પંડયાએ ખાસ ઉપસ્થિત રહીને ભાજપા મીડિયા ટીમને માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતના પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી ઓમજી માથુરે ઉપસ્થિત ભાજપા મીડિયાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, કોંગ્રેસ આ ચૂંટણીમાં અનેક જુઠાણા ફેલાવશે અને કોંગ્રેસનું કામ જ જુઠાણા ફેલાવવાનું છે. જુઠાણાં ફેલાવવા માટે કોંગ્રેસે સ્પેશિયલ એજન્સીઝ હાયર કરી છે, પરંતુ આપણે સૌ એના

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




જૂઠાણાં તરફ ધ્યાન આપવાના બદલે આપણી સરકારે કરેલા સિમાચિન્હરૂપ સકારાત્મક કાર્યો જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની અનેકવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણલક્ષી યોજનાઓના સારા ફળ સમાજના છેવાડાના માનવી સુધી પહોચ્યા છે તેની વાત કરવી જોઇએ. રાષ્ટ્રની એકતા અને અખંડતાને તોડવા મથતા વિભાજનકારી તત્વોને સાથ આપનાર કોંગ્રેસને પ્રજા આ લોકસભાની ચૂંટણીમાં વધુ એકવાર તેનું સ્થાન બતાવશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઉપસ્થિત ભાજપા મીડિયાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, ગુજરાત લોકસભાની તમામ ૨૬ બેઠક ભાજપા જીતવાની છે તેમાં કોઇ શંકાને સ્થાન નથી "સૌનો સાથ સૌનો વિકાસ" તે સુત્ર સાથે સમાજના દરેક વર્ગને અને સમાજ માટે આપણે સર્વસ્પર્શી કાર્યો કર્યા છે અને કોંગ્રેસે માત્ર સમાજને તોડવાનું પાપ કર્યુ છે. જેને આપણી શાણી અને સમજુ જનતા સારી રીતે ઓળખે જ છે. આ માટેના અનેક ઉદાહરણો લોકો સુધી પહોંચાડવા જોઇએ. આજના મીડિયા અને સોશીયલ મીડિયાના યુગમાં કોઇપણ ઘટનાની સત્યતા જાણવી અને સત્ય હકીકત લોકો સુધી પહોચાડવી એ ભાજપા મીડિયા ટીમની વિશેષ જવાબદારી બની રહે છે.

સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ ઉપસ્થિતિ મીડિયાના કાર્યકર્તાઓને સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યુ હતુ અને ચૂંટણી સમયે કોંગ્રેસ દ્વારા અફવા ખૂબ જ મોટા પાયે ફેલાવવામાં આવે છે ત્યારે કોંગ્રેસના જુઠ્ઠાણા સામે સૌ કાર્યકર્તાઓએ સજાગ રહી સત્ય હકીકત જાણવી જોઇએ અને તે હકીકત લોકો સુધી મીડિયા અને સોશીયલ મીડિયા મારફતે પહોચાડવી જોઇએ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઇ.કે.જાડેજાએ ભાજપા મીડિયાના મિત્રોને 'શું કરવું અને શું નહી કરવું' તે બાબતે મીડિયાના મીત્રોને માર્ગદર્શન આપ્યુ હતુ. આ ઉપરાંત ભાજપાના મીડિયા કાર્યકર્તાઓ સાથે ટુ-વે પ્રશ્નોત્તરી દ્વારા તેમની સમસ્યાઓનું સમાધાન કર્યુ હતુ.

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના જુઠ્ઠાણા સામે આક્રમક રહેવું પરંતુ, શબ્દનો ઉપયોગ સંયમથી કરવો જોઇએ. કારણ કે, શબ્દોનો ક્યારેય નાશ થતો નથી. આથી જાહેર જીવનમાં જ નહી પરંતુ જીવનમાં શબ્દોનું ખૂબ જ મહત્વ છે.

નવનિયુક્ત પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી પ્રશાંત વાળાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને ઝોન કન્વીનરશ્રી ડૉ. હેમંતભાઇ ભટ્ટે આભારવીધી કરી હતી, શ્રી જયેશભાઇ વ્યાસે કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ